Teachingninja.in

Latest Govt Job updates

Private Job updates

Free Mock tests available

Visit - teachingninja.in

Teachingninja.in

# Gujarat
# TAT
## Previous Year Paper
## (Gujarati)
## 04 June, 2023

Teachingninja.in

| કુલ ગુણ | 200 |
|---|---|

# GUJARATI
(Gujarati Medium)

| કેટેગરી |
|---|
| A |

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઈ પણ સાહિત્ય ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્ત લિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્પાય કેમરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (5) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (7) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં. |
| (8) | પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં. |
| (9) | <u>આ કસોટી પત્રમાં કુલ -200 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘૂંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (10) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. પ્રત્યેક ખોટા ઉત્તર માટે 0.25 ગુણ કપાશે (નેગેટીવ 0.25) જો ઉમેદવાર કોઇ પ્રશ્નનો ઉત્તર આપવા માંગતા ન હોય તો વિકલ્પ E પસંદ કરવાનો રહેશે. વિકલ્પ E માટે નેગેટીવ ગુણ રહેશે નહી. |
| (11) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટે 0.25 નેગેટીવ ગુણ મળશે. |
| (12) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (13) | આ પરીક્ષાનો સમય 180 મિનિટનો છે. |
| (14) | સૌથી યોગ્ય વિકલ્પ જવાબ તરીકે ધ્યાને લેવાશે . |



Teachingninja.in

રફ કામ માટેનું પેઈજ

Teachingninja.in



Teachingninja.in

(1) ભારતીય બંધારણમાં આપેલ મૂળભૂત ફરજોમાં માતા-પિતાએ અથવા વાલીએ, છ વર્ષથી ચૌદ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા યથાપ્રસંગ, પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની જોગવાઈ સંવિધાનના છ્યાંસીમાં સુધારાથી કઈ કલમમાં આ ખંડ ઉમેરવામાં આવેલ છે ?

(A) કલમ - 11 (B) કલમ - 2

(C) કલમ - છ્યાસી (86) (D) કલમ - 4

(2) મહાદેવભાઈ દેસાઈનું જીવનચરિત્ર "અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ"ના લેખક કોણ છે ?

(A) માણભટ્ટ (B) નારાયણ દેસાઈ

(C) જયશંકર દેસાઈ (D) મહાદેવ દેસાઈ

(3) "હરિનો મારગ છે શૂરાનો" પદ રચના કોની છે ?

(A) કવિ પ્રીતમદાસ (B) મણિશંકર રત્નજી ભટ્ટ

(C) દામોદર ખુશાલદાસ બોટાદકર (D) નરસિંહ મહેતા

(4) ભારતની સંઘીય કાર્યપ્રણાલીનો ઉલ્લેખ ભારતના સંવિધાનના કયા ભાગમાં કરવામાં આવેલ છે ?

(A) 6 (B) 4

(C) 5 (D) 2

(5) વર્લ્ડ બોકસિંગ ચેમ્પિયનશીપમાં 51 Kg. કેટેગરીમાં કયા ભારતીય દ્વારા બ્રોન્ઝ મેડલ જીતવામાં આવેલ છે ?

(A) સુખદેવ (B) નિશાંત દવે

(C) હુસામુદ્દીન (D) દિપક ભુરિયા

(6) હિંદની પ્રજાને સ્વાતંત્ર્ય ચળવળમાં સક્રિય કરવા માટે ગાંધીજીએ ભારતમાં સૌ પ્રથમ કયું અંગ્રેજી અખબાર શરૂ કર્યું ?

(A) યંગ ઈન્ડિયા (B) યૂથ ઈન્ડિયા

(C) વર્તમાન ભારત (D) ચળવળ

(7) હિમાલય પર્વતમાલા કયા (Age) સમયમાં બનેલું છે ?

(A) સતયુગ (B) આર્ચિયન યુગ

(C) જુરાસિક યુગ (D) ટર્શિયરી યુગ (Tertiary)

(8) કઈ વૈજ્ઞાનિક અસરને લીધે આકાશના તારા ટમટમતા દેખાય છે ?

(A) પ્રકાશનું પ્રકિર્ણન (B) પ્રકાશનું વક્રિભવન

(C) પ્રકાશનું વિવર્તન (D) પ્રકાશનું વિભાજન

(9) ભારતમાં સમગ્ર રાષ્ટ્રીય ઉત્પાદનમાં ઉદ્યોગોનો ફાળો કેટલા ટકા છે ?

(A) 25% (B) 29%

(C) 32% (D) 39%

(10) ભારતના બંધારણમાં નાગરિકની મૂળભૂત ફરજોનો સમાવેશ કયા ભાગમાં કરવામાં આવેલ છે?

(A) ભાગ - 3 (A) (B) ભાગ - 5 (A)

(C) ભાગ - 4 (A) (D) ભાગ - 6 (A)



Teachingninja.in

(11) 'ભારતરત્ન' સન્માનિત પ્રથમ મહાપુરુષ કોણ હતા ?

(A) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (B) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્

(C) મહાદેવભાઈ દેસાઈ (D) લાલબહાદુર શાસ્ત્રી

(12) નીચે પૈકી કયા કાર્યક્રમમાં ઈન્ટરેક્ટીવ બૉર્ડનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) પ્રજ્ઞા અભિગમ (B) બાલ પ્રૉજેક્ટ

(C) વર્ચ્યુઅલ ક્લાસરૂમ (D) જ્ઞાનકુંજ પ્રૉજેક્ટ

(13) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવતો યુનિક આઈ.ડી. (UID) નંબર કેટલા અંકનો હોય છે ?

(A) 14 (B) 16

(C) 18 (D) 19

(14) ભારતીય બંધારણમાં શિક્ષણ કઈ યાદીનો વિષય છે ?

(A) કેન્દ્ર યાદી (B) રાજ્ય યાદી

(C) સંયુક્ત યાદી (D) જિલ્લા યાદી

(15) ઈન્સ્યુલિન અંતઃસ્ત્રાવનું ઉત્પાદન શરીરના કયા અંગમાં થાય છે ?

(A) જઠર (B) સ્વાદુપિંડ

(C) નાનું આંતરડું (D) મગજ

(16) હૉકી વિશ્વકપ (પુરુષ) - 2023 કયા દેશમાં યોજાયો હતો ?

(A) ભારત (B) જાપાન

(C) ફ્રાન્સ (D) બ્રાઝિલ

(17) વિશ્વનું સૌથી મોટું ખનિજતેલ શુદ્ધિકરણ સંકુલ ક્યાં આવેલું છે ?

(A) જામનગર (B) અંકલેશ્વર

(C) દિગ્બોઈ (D) દહેરાદૂન

(18) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2023-24 માં રાજ્યની માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે મોકલવામાં આવેલ શૈક્ષણિક પ્રવૃત્તિ કેલેન્ડર મુજબ વૅકેશન સહિત કેટલા દિવસની રજાઓ નક્કી કરવામાં આવેલ છે ?

(A) 79 (B) 80

(C) 81 (D) 82

(19) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અંતર્ગત રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશની શાળાઓ ન્યૂનતમ વ્યાવસાયિક અને ગુણવત્તાપૂર્ણ માનાંકોનું પાલન કરે છે કે કેમ તે જાણવા જે સંસ્થાની ભલામણ કરેલ છે તે કંઈ સંસ્થા છે ?

(A) PARAKH (B) SWAYAM

(C) DIKSHA (D) SSSA

(20) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં કયા ધોરણ સુધી માતૃભાષામાં શિક્ષણ ઈચ્છનીય છે ?

(A) ધોરણ - 6 (B) ધોરણ - 8

(C) ધોરણ - 10 (D) ધોરણ - 5



Teachingninja.in

(21) વેપાર અને ઉદ્યોગને લીધે અભ્યાસક્રમમાં ફેરફાર કરવામાં આવે છે તો કેળવણીના ધ્યેયો પર કયા પરિબળની અસર ગણી શકાય ?

(A) સાંસ્કૃતિક પરિબળ (B) સામાજિક પરિબળ

(C) આર્થિક પરિબળ (D) નૈતિક પરિબળ

(22) વ્યક્તિ શું કરે છે ? તેના કરતાં તેણે શું કરવું જોઈએ ? આ બાબતનો વિચાર કેળવણીના કયા ધ્યેય સાથે સંકળાયેલો છે ?

(A) નૈતિક ધ્યેય (B) જ્ઞાન પ્રાપ્તિનું ધ્યેય

(C) પૂર્ણ જીવનનું ધ્યેય (D) ફુરસદના સમયના સદ્‌ઉપયોગનું ધ્યેય

(23) ઉદ્દેશો, અભ્યાસક્રમ, સંસ્થાઓ અને સમયમર્યાદા બધુ જ નિશ્ચિત હોય ત્યારે તે કેળવણીનું કયું સ્વરૂપ ગણાય ?

(A) અનૌપચારિક (B) ઔપચારિક

(C) અવૈધિક (D) સંયુક્ત

(24) નીચેના પૈકી કયો કાર્યક્રમ અવૈધિક શિક્ષણને સીધો લાગુ પડતો નથી ?

(A) અક્ષરજ્ઞાન (B) પરીક્ષા

(C) વ્યવસાયની તાલીમ (D) વ્યસનમુક્તિ

(25) અધ્યયન પ્રક્રિયામાં સમાયેલી ત્રણ બાબતોમાં કઈ બાબત સમાવિષ્ટ નથી ?

(A) પ્રારંભ (B) પરિણામ

(C) પ્રક્રિયા (D) મૂલ્યાંકન

(26) કેટલાક બાળકો અંતર્મુખી તો કેટલાક બાળકો બહિર્મુખી, કેટલાક બાળકો વાચાળ તો કેટલાક બાળકો શરમાળ હોય છે. તેમનામાં રહેલી આ ભિન્નતા એ કયા પ્રકારની ભિન્નતા છે ?

(A) શારીરિક ભિન્નતા (B) વ્યક્તિત્વમાં ભિન્નતા

(C) રસ-રૂચિમાં ભિન્નતા (D) સામાજિક ભિન્નતા

(27) જુદા જુદા બુદ્ધિ માનાંકોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) I.Q. (બુદ્ધિમાનાંક) (B) S.Q. (આધ્યાત્મિક બુદ્ધિમાનાંક)

(C) R.Q. (ધાર્મિક બુદ્ધિમાનાંક) (D) E.Q. (સાંવેગિક બુદ્ધિમાનાંક)

(28) નીચેના પૈકી કોણે વ્યવસાયિક અભિરુચિ સંશોધનિકાની રચના કરી હતી ?

(A) મેકડૂગલ (B) સ્ટ્રોંગ

(C) મોર્ગન (D) ગેરેટ

(29) વ્યક્તિમાં રહેલી કલા, સંગીત, સર્જનાત્મકતા જેવી શક્તિઓના માપન માટે કઈ કસોટી વપરાય છે ?

(A) વલણ માપદંડ (B) અભિરુચિ કસોટી

(C) રસ સંશોધનિકા (D) અભિયોગ્યતા કસોટી

(30) વર્ગખંડમાં થતી ત્રણ પ્રકારની આંતરક્રિયામાં શેનો સમાવેશ થતો નથી ?

(A) શિક્ષક - વિદ્યાર્થી વ્યવહાર (B) વિદ્યાર્થી - સામગ્રી વ્યવહાર

(C) શિક્ષક - સામગ્રી વ્યવહાર (D) વિદ્યાર્થી - વિદ્યાર્થી વ્યવહાર



Teachingninja.in

(31) સામાન્યરીતે ઉપયોગમાં લેવાના મધ્યવર્તિ સ્થિતિના ત્રણ આંકડાશાસ્ત્રીય માપમાં નીચે પૈકી કયું સમાવિષ્ટ નથી ?

(A) મધ્યક (B) મધ્યસ્થ

(C) બહુલક (D) મધ્યબિંદુ

(32) મૂલ્યાંકન માટેની ત્રણ કસોટીઓમાં કયું જુદુ પડે છે ?

(A) લેખિત (B) મૌખિક

(C) પ્રાયોગિક (D) ક્રિયાત્મક

(33) વિસ્તરણ પત્રક (Spread Sheet) નીચેના પૈકી શેની સાથે સંકળાયેલી છે ?

(A) માઈક્રોસોફ્ટ એક્સલ (B) માઈક્રોસોફ્ટ પાવર પોઈન્ટ

(C) માઈક્રોસોફ્ટ વર્ડ (D) એક્સેસ

(34) 'ઘડતર અને ચણતર'માં કોની શિક્ષણની ફિલૉસૉફી દર્શાવવામાં આવી છે ?

(A) ગીજુભાઈ બધેકા (B) નાનાભાઈ ભટ્ટ

(C) તારાબેન મોડક (D) જે. કૃષ્ણમૂર્તિ

(35) ''કેળવણી ઉત્પાદક શ્રમ દ્વારા, ઉત્પાદક શ્રમ માટે અને ઉત્પાદક શ્રમની જ હોઈ શકે.''

(A) મહાત્મા ગાંધીજી (B) રવિન્દ્રનાથ ટાગોર

(C) શ્રી અરવિંદ (D) સ્વામી વિવેકાનંદ

(36) નીચેના પૈકી કયો સિદ્ધાંત જહોન ડ્યુઈ દ્વારા રજૂ કરવામાં આવેલ સિદ્ધાંતોમાં નથી આવતો ?

(A) ઉપયોગિતાનો સિદ્ધાંત (B) પ્રવૃત્તિનો સિદ્ધાંત

(C) શ્રમનો સિદ્ધાંત (D) રસનો સિદ્ધાંત

(37) નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ (NILP) કયા વય જૂથના નિરક્ષરો માટે શરૂ કરવામાં આવેલ છે ?

(A) 15 વર્ષ અને તેની ઉપરના તમામ (B) 15 વર્ષથી 55 વર્ષ સુધી

(C) 6 વર્ષથી 14 વર્ષ સુધી (D) 21 વર્ષથી 65 વર્ષ સુધી

(38) One Nation, One Digital Platform તરીકે કોણ ઓળખાય છે ?

(A) PM eVIDYA (B) BISAG-N

(C) DIKSHA (D) Vande Gujarat Channel

(39) ઈન્દ્રિયોની તાલીમથી કેળવણીની શરૂઆત કરવાની વાત કોણે કરી હતી ?

(A) ડૉ. એસ. રાધાકૃષ્ણન (B) રવિન્દ્રનાથ ટાગોર

(C) મહાત્મા ગાંધીજી (D) મહર્ષિ અરવિંદ

(40) વિશિષ્ટ બાળકો માટે ઈન્દ્રિયો દ્વારા શિક્ષણ આપવાની શરૂઆત કોણે કરી હતી ?

(A) મારિયા મોન્ટેસરી (B) ગ્રેસ ફર્નોલ્ડ

(C) જિમ પિયાજે (D) ઈવાન પાવલોવ



Teachingninja.in

(41) અધ્યયન સાથે જોડાયેલા મનોવિજ્ઞાનીઓની તેમના સિદ્ધાંત સંદર્ભે નીચે આપેલી કઈ જોડ સાચી છે ?

(A) પ્રયત્ન અને ભૂલ-વિગોટ્સ્કી (B) વર્તનવાદ - પાવલોવ

(C) સંરચનાવાદ - સ્કિનર (D) કારક અભિસંધાન - થોર્નડાઈક

(42) નીચેના પૈકી કઈ લાક્ષણિકતા અધ્યયન પ્રક્રિયાની નથી ?

(A) અધ્યયન માટે અનુભવ જરૂરી છે.

(B) અધ્યયન માટે પર્યાવરણ સાથે આંતરક્રિયા જરૂરી છે.

(C) અધ્યયનનું એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં સંક્રમણ થઈ શકે છે.

(D) અધ્યયન માટે સ્મૃતિ જરૂરી છે.

(43) Discovery Learning અભિગમ કોના દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો ?

(A) રોબર્ટ ગેને (B) જેરોમી બ્રુનર

(C) બાન્દુરા (D) આસુબેલ

(44) '14 સેમી ત્રિજ્યાવાળા વર્તુળનું ક્ષેત્રફળ કેટલું થાય ?' - આ પ્રશ્નનો જવાબ મેળવવા બાળક સૂત્રનો ઉપયોગ કરે છે. અહીં, વિદ્યાર્થીએ કયું બૌદ્ધિક કૌશલ્ય પ્રાપ્ત કરેલ ગણાય ?

(A) વિભેદીકરણ (B) સંકલ્પના

(C) નિયમ (D) સમસ્યા ઉકેલ

(45) નીચેનામાંથી કઈ ક્ષતિમાં બાળકની શારીરિક તેમજ બૌદ્ધિક કાર્યક્ષમતા ક્ષતિગ્રસ્ત થાય છે ?

(A) ડાઉન સીન્ડ્રોમ (B) ADHD

(C) સેરેબલ પાલ્સી (D) ઓટિઝમ

(46) બ્લુમ વર્ગીકરણ (Bloom's Taxonomy) અનુસાર નીચેના પૈકી કઈ ક્રિયા બાકીનાથી ઉચ્ચ સ્તરે આવશે ?

(A) મૂલ્યાંકન (B) સર્જન

(C) પૃથક્કરણ (D) ઉપયોજન

(47) સિદ્ધિ કસોટી માટે નીચેના પૈકી શું અયોગ્ય છે ?

(A) વિદ્યાર્થીઓને બધા જ પ્રશ્નોના જવાબ આપી શકે તેટલો સમય આપવામાં આવે છે.

(B) વર્ગ બઢતી સાથે સંકળાયેલ છે.

(C) શિક્ષણકાર્યને અંતે આપવામાં આવે છે.

(D) પ્રશ્નોની પસંદગી વિદ્યાર્થીઓની પારંગતતા ચકાસે તેવી રીતે કરવામાં આવે છે.

(48) નીચેના પૈકી કયું મધ્યવર્તી સ્થિતિનું માપ દર્શાવી શકતું નથી ?

(A) મધ્યક (B) વિસ્તાર

(C) મધ્યસ્થ (D) બહુલક

(49) પ્રમાણ વિચલન ($\sigma$) માટે શું સાચું નથી ?

(A) પ્રમાણ વિચલનનું મૂલ્ય જેટલું નાનું, વર્ગજૂથની સમરૂપતા વધુ.

(B) દરેક પ્રાપ્તાંકમાં કોઈ અચળ સંખ્યા ઉમેરવાથી પ્રમાણ વિચલનમાં વધારો થાય છે.

(C) દરેક પ્રાપ્તાંકને એક જ અંકથી ગુણવામાં આવે તો પ્રમાણ વિચલન તેટલાં ગણું વધે છે.

(D) પ્રમાણ વિચલનનો ઉપયોગ પ્રાપ્તાંકોની ચલિતતા જાણવા થાય છે.



Teachingninja.in

(50) નીચેનામાંથી કઈ ઇ-કન્ટેન્ટની લાક્ષણિકતા નથી ?
(A) તે ફક્ત ડિજીટલ સ્વરૂપમાં હોય છે.
(B) તેને વેબપેજ કે અન્ય માધ્યમ દ્વારા રજૂ કરાય છે.
(C) તેમાં ફક્ત એનિમેશન જ હોય છે.
(D) તેને QR Code સાથે લીંક કરી શકાય છે.

(51) નીચેના પૈકી કયું OER નથી ?
(A) BISAG - N
(B) GROWER
(C) NROER
(D) e-pathshala

(52) નીચે પૈકી કઈ બાબત ઇલર્નિંગની સંકલ્પનાને લાગુ પડતી નથી ?
(A) અધ્યયન - અધ્યાપનનું અધ્યતન ક્ષેત્ર છે.
(B) અધ્યયનનો એકમાત્ર વિકલ્પ છે.
(C) વર્ગશિક્ષણ રસપ્રદ બને છે.
(D) માહિતી ઓનલાઈન ઉપલબ્ધ છે.

(53) જેના તારણો સંબંધિત જૂથ સિવાય લાગુ પાડી શકાતા નથી તે કયા પ્રકારનું સંશોધન છે ?
(A) પ્રાયોગિક સંશોધન
(B) સર્વેક્ષણ
(C) મૂળગત સંશોધન
(D) ક્રિયાત્મક સંશોધન

(54) 'બાળક જ્ઞાનનો સર્જક છે, ઉપભોક્તા નહીં.' - આ વિધાન કયા વાદનો નિષ્કર્ષ છે ?
(A) વર્તનવાદ
(B) પ્રાકૃતિકવાદ
(C) વ્યવહારવાદ
(D) સંરચનાવાદ

(55) 'કેળવણી એ કુદરતી પ્રક્રિયા છે, કૃત્રિમ નહિ.' - આ સંકલ્પના કોણે આપી હતી ?
(A) એરિસ્ટોટલ
(B) રૂસો
(C) ફ્રોબેલ
(D) મોન્ટેસરી

(56) R, U, X, A, D, ? પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ સીરીઝ પૂરી કરવા શું આવશે ?
(A) F
(B) G
(C) H
(D) I

(57) 1, 3, 3, 6, 7, 9, 9, 12, 21, ? પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ સીરીઝ પૂરી કરવા શું આવશે ?
(A) 10
(B) 11
(C) 12
(D) 13

(58) 10, 100, 200, 310, ? પ્રશ્નાર્થ ચિહ્નની જગ્યાએ સીરીઝ પૂરી કરવા શું આવશે ?
(A) 400
(B) 410
(C) 420
(D) 430

(59) TEACHER ને કોડવર્ડમાં VGCEJGT તરીકે લખવામાં આવે તો CHILDREN ને કોડવર્ડમાં નીચેના પૈકી કયા શબ્દ દ્વારા લખવામાં આવશે ?
(A) EJKNEGTP
(B) EGKNFITP
(C) EJKNFGTO
(D) EJKNFTGP

(60) TWENTY ને કોડવર્ડમાં 863985 અને ELEVEN ને કોડવર્ડમાં 323039 તરીકે લખવામાં આવે તો TWELVE તે કોડવર્ડમાં નીચેની પૈકી કઈ સંખ્યા દ્વારા દર્શાવવામાં આવશે ?
(A) 863203
(B) 863584
(C) 863903
(D) 863063


Teachingninja.in


(61) કોડ ભાષામાં '123' એટલે 'bright little boy' અને '145' એટલે 'tall big boy' તેમજ '637' એટલે 'beautiful little flower' તો શબ્દ 'bright' માટે કઈ સંખ્યા આવશે ?

(A) 1 (B) 2 (C) 3 (D) 4

(62) જો + એટલે x, x એટલે –, ÷ એટલે + અને – એટલે ÷ તરીકે ગણવામાં આવે તો 175 – 25 ÷ 5 + 20 x 3 + 10 નું પરિણામ નીચેની કઈ સંખ્યા આવશે.


(A) 77 (B) 160 (C) 240 (D) 2370

(63) આકૃતિમાં '?' ની જગ્યાએ યોગ્ય વિકલ્પ પસંદ કરો.




(A) 860 (B) 1140 (C) 2880 (D) 3240

(64) આપેલ આકૃતિમાં કેટલા ત્રિકોણ આવેલા છે ?



(A) 15 (B) 16 (C) 17 (D) 18

(65) 3:40 કલાકે મિનિટ કાંટા અને કલાક કાંટા વચ્ચેનો ખૂણો કેટલા અંશનો હશે ?

(A) 140 (B) 150 (C) 130 (D) 120

(66) અલગ પડતી જોડ શોધો ?

(A) દહીં - દુધ (B) ચંપલ - ચામડું

(C) મગફળી - તેલ (D) ખાંડ - શેરડી

(67) આપેલ શબ્દને મુળાક્ષરોના ક્રમ પ્રમાણે ગોઠવો.

(1) INTERANAL (2) INSECT (3) INCOME (4) INTERN (5) INSIDE

(A) 3, 2, 5, 4, 1 (B) 3, 4, 5, 2, 1

(C) 4, 5, 1, 3, 2 (D) 3, 1, 2, 4, 5

(68) એક લિપ વર્ષનો પહેલો દિવસ રવિવાર છે. તો તે વર્ષમાં કેટલા રવિવાર હશે ?

(A) 50 (B) 51 (C) 52 (D) 53

(69) એક વ્યક્તિ તેની કાર પૂર્વ દિશામાં 50 કિ.મી ચલાવે છે. તે જમણી બાજુ વાળીને 30 કિ.મી. જાય છે. તે પછી પશ્ચિમ દિશામાં વળીને 10 કિ.મી. જાય છે. તો તે પ્રારંભથી કેટલા કિ.મી. દૂર છે ?

(A) 20 કિ.મી. (B) 50 કિ.મી.


(C) 100 કિ.મી. (D) 60 કિ.મી.



Teachingninja.in

(70) અલગ આકૃતિ શોધો ?

A B C D



(A) A (B) B (C) C (D) D

(71) ................. અગ્નિનો સમાનાર્થી છે.

(A) અનલ (B) અનિલ (C) અનંગ (D) તપસ

(72) નીચેનામાંથી ................ કર્મધારેય સમાસનું ઉદાહરણ છે.

(A) તકસાધુ (B) કલ્પવૃક્ષ (C) પંચામૃત (D) પરમેશ્વર

(73) તમારાથી વડીલો સામે ઊંચા અવાજે ન બોલાય. - વાક્યનો પ્રકાર ઓળખો.

(A) કર્તરિ (B) કર્મણિ (C) ભાવે (D) પ્રેરક

(74) સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી, ચણાયેલ ઈમારત એના નકશામાં નથી હોતી. આ કાવ્યનો પ્રકાર જણાવો.

(A) દુહા (B) મુક્તક (C) હાઈકુ (D) સૉનેટ

(75) ખોટી જોડણી કઈ છે ?

(A) સુદૃઢ (B) દીકરી (C) અકસ્માત્ (D) કનિષ્ટ

(76) 'નીરવ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શું થાય ?

(A) સૂમસામ (B) ધવલ (C) પીડા (D) કોલાહલ

(77) સમાનાર્થી શબ્દોની ખોટી જોડ હોય તે વિકલ્પ કયો છે ?

(A) ખોભણ - ગુફા (B) અનરવો - હિંમતવાન (C) અડવડિયું - લથડિયું (D) આર્દ્રતા - મૃદુતા

(78) 'ઘોડાના સવારને બેસવા માટે ઘોડાની પીઠ પર રાખવાનું રૂ કે ઊનનું આસન' - શબ્દસમૂહ માટેનો એક શબ્દ કયો છે?

(A) દળી (B) ટેકણિયું (C) પીઠિકા (D) માંચડો

(79) વિરામચિહ્નોનો ઉચિત પ્રયોગ ન થયો હોય તેવું વાક્ય કયું છે ?

(A) હાશ ! હવે નિરાંત થઈ !

(B) પ્રશ્નપત્ર જોઈ વિદ્યાર્થીઓ મૂંઝાયા, એમને કાંઈ સૂઝ પડી નહીં, ઉત્તરપત્રો મૂકી દઈને ચલતી પકડી.

(C) મેં જાણ્યું : મારાં લખાણો એને ગમતાં નથી.

(D) .....તો મારો દુશ્મન છે.

(80) શબ્દ અને તેના અનેકાર્થી શબ્દોની ખોટી જોડ હોય તેવો વિકલ્પ કયો છે ?

(A) ગુણ - પણછ, દોરડું (B) કૂટ - ઠગાઈ, શિખર

(C) કાંત - મન, અંતઃકરણ (D) કર - કિરણ, સૂંઢ

(81) આપેલ વાક્યોમાં રેખાંકિત કરેલ શબ્દનો ઉચિત પ્રયોગ થયો હોય તેવું વાક્ય કયું છે ?

(A) મેં આ પત્ર કે ઠરાવ **<u>વાંચ્યા</u>** નથી. (B) કામ **<u>વેળાસર</u>** થાય તે જ અગત્યનું છે.

(C) સાંજે છ **<u>વાગે</u>** જાહેર ગ્રંથાલય બંધ થાય છે. (D) દરેકે આવકમાંથી **<u>યથાશક્તિ પ્રમાણે</u>** દાન કરવું જોઈએ.



Teachingninja.in

(82) 'દેવ્યૈશ્વર્ય' શબ્દનો સંધિવિગ્રહ શું થાય ?

(A) દેવ + ઐશ્વર્ય (B) દેવે + ઐશ્વર્ય

(C) દેવ્ય + ઐશ્વર્ય (D) દેવી + ઐશ્વર્ય

(83) આપેલાં વાક્યોમાં 'કર્મણિ વાક્ય' કયું છે ?

(A) એ સમયમાં લોકો જુગાર રમતા. (B) એણે પચાસ માણસોને જમાડ્યા.

(C) સરકાર તરફથી આ મહિને અનાજ અપાયું છે. (D) અશોક કંઈ બોલ્યો ન હોત.

(84) 'છત્રી પર નામ-સરનામું લખવાનો ઉપાય **<u>ખરેખર</u>** કારગત નીવડ્યો.' - વાક્યમાં રેખાંકિત કરેલ શબ્દ 'ખરેખર' ક્રિયાવિશેષણનો કયો પ્રકાર છે ?

(A) અભિગમવાચી ક્રિયાવિશેષણ (B) સમયવાચક ક્રિયાવિશેષણ

(C) રીતિવાચક ક્રિયાવિશેષણ (D) સ્થાનવાચક ક્રિયાવિશેષણ

(85) 'મારો હંસલો નાનો ને દેવળ જૂનું રે થયું.' - અલંકાર ઓળખાવો.

(A) વ્યક્તિરેક અલંકાર (B) અતિશયોક્તિ અલંકાર

(C) રૂપક અલંકાર (D) ઉપમા અલંકાર

(86) Mahesh was too smart. (Remove 'too' without changing the meaning.)

(A) Mahesh was not smart at all.

(B) Mahesh was smart more than required.

(C) Mahesh was foolish.

(D) I was doubtful whether Mahesh was smart or not.

(87) .................... INS Arihant is .................... Indian Naval ship. (Fill in the blanks)

(A) The & an (B) An & an

(C) A & an (D) The & the

(88) Most students have brought their homework. ..................... of them have not completed it yet.

(A) None (B) Few

(C) Each (D) A little

(89) મેં મારા વાળ કપાવ્યા. - આ વાક્યનું ચોક્કસ અંગ્રેજી ભાષાંતર શું થશે ?

(A) I cut my hair. (B) I clipped my hair.

(C) I got my hair cut. (D) I had a nice hair cut.

(90) Give the nearest meaning of word : **<u>'Phantom'.</u>**

(A) existent (B) imaginary

(C) corporeal (D) tangible

(91) Give the verb form of **<u>'little'.</u>**

(A) alittle (B) unlittle

(C) belittle (D) bilittle



Teachingninja.in

(92) Change the voice : "What caused COVID-19 ?"

(A) What was COVID-19 caused by ? (B) What was caused by COVID-19 ?

(C) By what is COVID-19 caused ? (D) By what COVID-19 was caused ?

(93) Select the word or phrase which is closest to the opposite in meaning of the underlined word : "Rahul will never **accept** your request."

(A) turn over (B) turn down

(C) turn up (D) reject

(94) Add a suitable question tag : Radha, one of my neighbours slipped off a staircase. ............. ?

(A) did she (B) does she

(C) doesn't she (D) didn't she

(95) Fill in the blanks with appropriate set of prepositions : Nidhi travelled ................ her mother all ................ the world when she was 17 years old.

(A) by, above (B) for, around

(C) with, around (D) with, over

(96) Turn this sentence into English : "હજુ પણ હું તેને ત્યાં એકલી ઊભેલી જોઈ શકતો હતો."

(A) I could still saw her standing there alone. (B) I could still see her stood there alone.

(C) I could still see her standing there alone. (D) I can still see her standing there alone.

(97) Fill in the blanks with the appropriate word / words : Rohan and Nayan have been on vacation ..................... May 2023. They ..................... to Manali for a week.

(A) for, had gone (B) since, had gone

(C) for, have gone (D) since, have gone

(98) Mantra got the first prize last week. Find out the correct option to get the underlined answer.

(A) Which prize did Mantra get last week ?

(B) When did Mantra get the first prize ?

(C) Which prize Mantra got last week ?

(D) Where did Mantra get the first prize ?

(99) Ravi ....................... in this company for five years. Find out correct form of verb from the options.

(A) works (B) is working

(C) has been working (D) have worked

(100) Find out the correct spelling from the options.

(A) Spactacular (B) Spectacular

(C) Spactaculor (D) Specteculor



Teachingninja.in

(101) અહીં એક કાવ્યનો ભાવાર્થ રજૂ કર્યો છે તે વાંચી તે કૃતિનું નામ જણાવો.

ભાવાર્થ : જનની, જન્મભૂમિ સ્વર્ગાદપિ ગરિયસિ, એટલે કે જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતી છે - એને ક્યારેય ભૂલાય એમ નથી.

(A) જ્યાં જ્યાં વસે એક ગુજરાતી
(B) ગુર્જરીના ગૃહકુંજે
(C) હું એવો ગુજરાતી
(D) દિવસો જુદાઈના જાય છે.

(102) સાહિત્યકાર અને કૃતિના જોડકાં ધ્યાને લો.

| **સાહિત્યકાર** | | **કૃતિ** |
|---|---|---|
| 1. ઝવેરચંદ મેઘાણી | - | બોળો |
| 2. સુરેશ જોષી | - | જન્મોત્સવ |
| 3. મણિલાલ હ. પટેલ | - | પખીલોક |
| 4. ચુનીલાલ મડિયા | - | શરણાઈના સૂર |

ઉપરના પૈકી કયા જોડકાં સાચાં છે ?

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 1, 2 અને 4
(C) માત્ર 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

(103) નીચેના પૈકી કયા શબ્દની રચના 'પૂર્વપ્રત્યય' અને 'પરપ્રત્યય' બંને લગાવવાથી થઈ છે.

(A) બિનજરૂરી
(B) દયાળુ
(C) પથિક
(D) અજ્ઞાની

(104) મારી અડવી ભીંતોને એના આંગળાં ઓચ્છવ મારે આંગણે કાવ્યપંક્તિ પૂર્ણ કરો.

(A) લાવ્યાં સો-સો કલમની સુગંધ
(B) એને ટોડલિયે ટહુકાર
(C) હૈયે હૂંફને જીવતરની હાસ
(D) જ્યાં જ્યાં પરશે ત્યાં સોહે શણગાર

(105) નીચે આપેલા વાક્યમાં વપરાયેલા સંયોજકનો પ્રકાર જણાવો. - રમેશે કહ્યું કે 'મારે બીજી એક મીટિંગ છે.'

(A) દૃષ્ટાંતવાચક
(B) વિરોધાવાચક
(C) સમુચ્ચયવાચક
(D) અવતરણવાચક

(106) ધોરણ - 9 અને 10 ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકના મુખ્ય પૃષ્ઠ પર કયા 'ભારતીય જ્ઞાનપીઠ' મેળવનાર સર્જકની છબી છે ?

(A) પન્નાલાલ પટેલ
(B) ઉમાશંકર જોષી
(C) રાજેન્દ્ર શાહ
(D) રઘુવીર ચૌધરી

(107) 'એક બપોરે' કવિતામાં કવિ રાવજી પટેલની કઈ વેદના વ્યક્ત થઈ છે ?

(A) ચલમની તમાકુમાં હવે કસ નથી.
(B) બપોરનો તડકો અસહ્ય છે.
(C) મૃત્યુને નજીકથી જોવે છે.
(D) ખેતરને શેઢેથી સારસી ઊડી ગઈ છે.

(108) આપેલ વાક્યોમાં રેખાંકિત શબ્દમાંથી કયો શબ્દ રવાનુકારી નથી ?

(A) કીર્તિ તીખી **<u>તમતમ</u>** પાણીપુરી ખાય છે.
(B) બંદૂકમાંથી **<u>સનનન</u>** કરતીક ગોળી છૂટી.
(C) એ રાત્રે **<u>સુસવાટા</u>** કરતો પવન ફૂંકાતો હતો.
(D) મહેશે રાત્રે **<u>બૂમાબૂમ</u>** કરી.

(109) નીચે આપેલા વાક્યોને તેના ઘટનાક્રમ મુજબ ગોઠવો.

1. અરુણિમાનું જીવન એનું ઉત્તમ ઉદાહરણ છે.

2. અરુણિમાનો ડાબો પગ માત્ર ચામડી ભેર લટકતો હતો.

3. માનવીએ નદીઓને નાથી છે ને પર્વતોને પીંધ્યા છે.

4. માત્ર એના કપાયેલા પગના માંસની મિજબાની માણવા ઉંદરો આવ્યા.

(A) 2, 4, 3, 1
(B) 4, 2, 3, 1
(C) 2, 3, 4, 1
(D) 4, 2, 1, 3



Teachingninja.in

(110) નીચેના વાક્યો 'જન્મોત્સવ' કૃતિમાંથી લેવામાં આવ્યા છે તે વાક્ય કોણ બોલે છે તે અંગે કઈ જોડ સાચી છે ?

1. 'હાવ પાંગળાં ના કરતા દાદા; અક્કરમીએ મધરાતે સાંઈ જનમ લીધો, નકર...' - દેવજી

2. 'ગાંડી થા મા માણકી, તારા નંદકુવરને કોઈ ચોરી નથી ગયું, લે આ તારો છોરો.' - દેવજી

(A) માત્ર - 1 (B) માત્ર - 2
(C) 1 અને 2 બંને (D) 1 અને 2 માંથી એક પણ નહીં

(111) "મારો બાળપણનો જિગરજાન દોસ્ત છે. બાબુ ઈની બઉ યાદ આવે છે.... ઈને તેડાવો..." આ વાક્ય કોણ બોલે છે ? કોને કહે છે ?

(A) દેવલો - ગંધર્વને કહે છે. (B) દેવલો - ઈન્દ્ર રાજાને કહે છે.
(C) ઈન્દ્ર રાજા - દેવલાને કહે છે. (D) ઈન્દ્રરાજા - દેવદૂતને કહે છે.

(112) નીચેનામાંથી કયું વિશેષણ વિકારી નથી ?

(A) ઉત્સાહી (B) મીઠું (C) શાણું (D) ઊંચું

(113) નીચેના જોડકાં ધ્યાને લો.

| કૃતિ | | સંદર્ભ |
|---|---|---|
| 1. મારા સપનામાં આવ્યા હરિ | - | છ અકારનું નામ |
| 2. જન્મોત્સવ | - | ગૃહપ્રવેશ |
| 3. એ લોકો | - | પ્રબલગતિ |
| 4. ઝબકજ્યોત | - | વડલો |

ઉપરના પૈકી કયા જોડકાં સાચાં છે ?

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 2 અને 4 (C) માત્ર 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

(114) સંધિ વિગ્રહ માટે સાચો વિકલ્પ પસંદ કરો : સિંધુ + ઊર્મિ

(A) સિંધૂર્મિ (B) સિંધૂર્મી (C) સિંધુર્મિ (D) સિંધુર્મી

(115) એક જમાનામાં ચીનના લોકો ગામમાં કોઈ માંદુ પડે તો દાક્તરને સજા કરતા - આપેલ વાક્યમાંથી વ્યક્તિવાચક સંજ્ઞા જણાવો.

(A) ગામ (B) દાક્તર (C) ચીન (D) લોકો

(116) સુંદર નવપલ્લવિત વૃક્ષ ઊગી જવાની એ તીવ્ર પ્રતીક્ષા કરી રહી હતી. - આ વાક્યને આધારે આપેલા શબ્દોમાંથી કયો શબ્દ વિશેષણ નથી ?

(A) સુંદર (B) નવપલ્લવિત (C) તીવ્ર (D) પ્રતીક્ષા

(117) કૃતિ અને પાત્રનાં જોડકાં ધ્યાને લો.

| કૃતિ | | પાત્ર |
|---|---|---|
| 1. લોહીની સગાઈ | - | અમરતકાકી, ગંગુ |
| 2. નથી | - | કાન્તિ, કંચનમાસી |
| 3. સો ટચનું સોનું | - | કુતમ્મા, ઐયપ્પા |
| 4. શરણાઈના સૂર | - | રમઝુમીર, સકીના |

ઉપરના પૈકી કયા જોડકાં સાચાં છે ?

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3 (C) માત્ર 1, 2 અને 4 (D) માત્ર 2, 3 અને 4



Teachingninja.in

(118) પરપ્રત્યય લાગી બનેલો શબ્દ શોધો.

(A) વણથંભી (B) ઋણી (C) નિષ્ફળ (D) કમજોર

(119) '<u>**ત્યારે**</u> કામ કહ્યું ગોરાણીએ, તને સાંભળે રે રે ?' આપેલ પંક્તિમાં રેખાંકિત શબ્દ સર્વનામનો કયો પ્રકાર સૂચવે છે ?

(A) સ્થળવાચક સર્વનામ (B) સ્વવાચક સર્વનામ

(C) જથ્થાવાચક સર્વનામ (D) સમયવાચક સર્વનામ

(120) જો ક્રિયા પૂરી થઈ ગઈ હોય તો પૂર્ણાવસ્થા દર્શાવવા કયો પ્રત્યય વપરાય છે ?

(A) ત (B) ય (C) ત્ (D) વ

(121) સાચાં જોડકાં જોડો.

| I | II |
|---|---|
| 1. તેજમલ | a. ગોપીના કૃષ્ણ પ્રેમને વ્યક્ત કરતું લોકગીત |
| 2. ચાંદલિયો | b. પ્રભુ તરફનો પ્રેમ અને સત્કારનો આનંદ |
| 3. હરિ ! આવોને | c. કુટુંબજીવનના સબંધોનું મધુર ચિત્ર |
| 4. ક્યાંરે વાગી | d. સ્ત્રીનું વીરત્વ અને મહત્તાનું લોકગીત |

(A) 1-d, 2-c, 3-a, 4-b (B) 1-d, 2-a, 3-b, 4-c

(C) 1-d, 2-c, 3-b, 4-a (D) 1-d, 2-b, 3-a, 4-c

(122) આપેલ શબ્દના સંધિવિગ્રહમાંથી ખોટો વિકલ્પ ઓળખી બતાવો.

(A) પવન - પો + અન (B) યથેષ્ટા - યથા + ઈષ્ટ

(C) ગંગોર્મિ - ગંગા + ઉર્મિ (D) પૂર્ણેન્દુ - પૂર્ણ + ઈન્દુ

(123) કોઈ કામ માટે સૂચન, વિનંતી, આગ્રહ આદિ જેવી આડકતરી પ્રેરણા અપાય તો તે વાક્ય કયું વાક્ય કહેવાય ?

(A) આજ્ઞાર્થ (B) વિધ્યર્થ (C) નિર્દેશાર્થ (D) પ્રશ્નાર્થ

(124) 'ભાડાખત' - એ કયો સમાસ છે ?

(A) તત્પુરુષ અમાસ (B) મધ્યમપદલોપી સમાસ

(C) દ્વિગુ સમાસ (D) ઉપપદ સમાસ

(125) 'હવે હું તમને બધું આપીશ' - વાક્યનો પ્રકાર જણાવો ?

(A) મિશ્રવાક્ય (B) સાદુવાક્ય (C) સંયુક્તવાક્ય (D) સંકુલવાક્ય

(126) નીચેનામાંથી કયા વિરુદ્ધાર્થી શબ્દોની જોડ સાચી નથી ?

(A) સાકાર - નિરાકાર (B) સુગમ - દુર્ગમ (C) સચિંત - નિશ્ચિંત (D) સુબોધ - કુબોધ

(127) 'તમારી વાત હું નથી સમજતી હું મા છું દુશ્મન તો નથી ને' - આ વાક્યમાં યોગ્ય વિરામચિહ્નો ક્યાં આવશે ?

(A) સમજતી પછી પ્રશ્નાર્થ ચિહ્ન, છું પછી અલ્પવિરામ અને ને પછી પ્રશ્નાર્થ ચિહ્ન

(B) સમજતી પછી પૂર્ણવિરામ, છું પછી અલ્પવિરામ અને ને પછી ઉદ્ગાર ચિહ્ન

(C) સમજતી પછી પૂર્ણવિરામ, છું પછી અલ્પવિરામ અને ને પછી પ્રશ્નાર્થચિહ્ન

(D) સમજતી પછી અર્ધવિરામ, છું પછી અલ્પવિરામ અને ને પછી પ્રશ્નાર્થચિહ્ન



Teachingninja.in

(128) નીચેનામાંથી કઈ ધ્વનિશ્રેણી સાચી નથી ?

(A) હાથોહાથ - હ્ + આ + થ્ + ઓ + હ્ + આ + થ્

(B) કાર્યક્રમ - ક્ + આ + ર્ + ય્ + અ + ક્ + ર્ + અ + મ્

(C) સર્વોત્તમ - સ્ + અ + ર્ + વ્ + સો + ત્ + અ + મ્

(D) તૃષ્ણા - ત્ + ઋ + ષ્ + ણ્ + આ

(129) આપેલ સંજ્ઞાના પ્રકારોમાં કયો પ્રકાર અમૂર્ત સંજ્ઞા સૂચવે છે ?

(A) ભાવવાચક સંજ્ઞા (B) ક્રિયાવાચક સંજ્ઞા (C) દ્રવ્યવાચક સંજ્ઞા (D) જાતિવાચક સંજ્ઞા

(130) સમાનાર્થી કહેવતો માટે જુદો પડતો વિકલ્પ પસંદ કરો.

(A) કૂમળું ઝાડ વાળીએ તેમ વળે - પાકે ઘડે કાંઠા ન ચડે.

(B) તરત દાનને મહાપુણ્ય - ધીરજનાં ફળ મીઠાં

(C) વસુ વિના નર પશુ - નાણાં વિનાનો નાથિયો નાણે નાથાલાલ

(D) ઝાઝા હાથ રળિયામણાં - ઝાઝી કીડી સાપને તાણે.

(131) 'માની મમતાથી ઉપર આ સૃષ્ટિમાં બીજું કશું જ નથી.' એ ભાવ સાથે કઈ પંક્તિ અસંગત છે ?

(A) સૂર, તાલ ને સંગીત મળશે, ટહુકો માનો ક્યાં ?

(B) પલ્લવ ને પુષ્પો તો મળશે, પાલવ માનો ક્યાં ?

(C) ભર્યા ઉનાળે પરબ સરીખી છાયા માની ક્યાં ?

(D) બારે ઊમટે મેહ, હેતની કેટલી માની ક્યાં ?

(132) જોડણીભેદથી અર્થભેદ ન થતો હોય તેવો વિકલ્પ પસંદ કરો.

(A) કેશ - કેસ (B) હંમેશ - હમેશ (C) કડુ - કડું (D) અલિ - અલી

(133) "ભૂલી ગયા પછી" એકાંકીમાં લેખકે કયા ફ્રેન્ચ વિચારકને યાદ કર્યા છે ?

(A) સાર્ત્ર (B) રૂસો (C) લેવી સ્ટ્રોસ (D) વૉલ્તેર

(134) "છત્રી પર નામ - સરનામુ લખવાનો ઉપાય **<u>ખરેખર</u>** કારગત નીવડ્યો."

આપેલ વાક્યમાં રેખાંકિત શબ્દ ક્રિયાવિશેષણનો કયો પ્રકાર સૂચવે છે ?

(A) રીતિવાચક (B) સમયવાચક (C) અભિગમવાચી (D) માત્રાસૂચક

(135) રવીન્દ્રનાથ ટાગોરને કયા કાવ્યસંગ્રહ માટે વિશ્વવિખ્યાત 'નોબેલ પારિતોષિક' પ્રાપ્ત થયું હતું ?

(A) માનસી (B) ગીતાંજલિ (C) ચિત્રા (D) ચૈતાલી

(136) 'કન્યાપક્ષે કારુણ્યની પરાકાષ્ઠા સમુ વિદાયગીત ઉપાડ્યું હતું' - આ વાક્યની રચના કયા પ્રકારની છે ?

(A) કર્તરિ (B) કર્મણિ (C) ભાવે (D) પ્રેરક

(137) "આ ઘોડીએ તો મારો ચૂડલો અમર રાખ્યો છે. ખમ્મા બાપ ઢેલ ! તારો ગણ જિંદગી લગી શેં ભુલાશે ?" - પ્રસ્તુત વાક્યમાં કઈ બોલીનો પ્રચુર માત્રામાં ઉપયોગ થયો છે ?

(A) પટ્ટણી બોલી (B) ચરોતરી બોલી (C) સુરતી બોલી (D) સોરઠી બોલી



Teachingninja.in

(138) 'હાઈકું' કાવ્ય સ્વરૂપ વિશે નીચેના વિધાનો ધ્યાને લો.

1. જાપાનમાંથી આવેલ કાવ્ય પ્રકાર છે.

2. 17 અક્ષરનું બંધારણ હોય છે.

3. ત્રણ પંક્તિમાં રજૂઆત થાય છે.

4. ચિત્રાત્મક કાવ્યકૃતિ છે.

ઉપરના વિધાનો પૈકી કયા વિધાનો સાચાં છે ?

(A) માત્ર - 1 અને 2 (B) માત્ર 1, 2 અને 3 (C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

(139) નીચેનાં ઉદાહરણોમાંથી 'પ્રાસસાંકળી' અલંકારનો સાચો વિકલ્પ કયો છે ?

(A) વિદ્યા ભણ્યો જેહ, તેહ ઘેર વૈભવ રૂડો.

(B) ગાવલડી જેવી માવલડી ને માવલડી જેવી ગાવલડી

(C) પ્રેમની પ્રેમની પ્રેમની રે, મને લાગી કટારી પ્રેમની રે.

(D) પીગળે પીગળે પડછાયાના પ્હાડ.

(140) વિરોધી પરિસ્થિતિનો અર્થ આપતી કહેવતો માટે જુદો પડતો વિકલ્પ પસંદ કરો.

(A) ચેતતો નર સદા સુખી - બહુ ડાહ્યા બહુ ખરડાય.

(B) અક્કરમીનો પડિયો કાણો - ભાગ્યશાળીને ભૂત રળે.

(C) ગાજ્યા મેહ વરસે નહીં - ભસતાં કૂતરાં કરડે નહીં.

(D) આપ ભલા તો જગ ભલા - દયા ડાકણને ખાય.

(141) નીચેનામાંથી કયું વાક્ય 'સંકુલ' વાક્ય નથી તે જણાવો.

(A) અરુણિમાએ આફ્રિકાનું કિલિમાંજરો અને યુરોપનું એલ્બ્રુસ સર કર્યુ છે.

(B) તાલીમ બાદ સ્વપ્નને સાકાર કરવાની, લક્ષ્યને પામવાની ઘડી આવી પહોંચી.

(C) મહારાજ અરજ તો એટલી જ છે કે આ કોતર મને યોગ્ય કિંમતે આપો.

(D) મંગુને દવાખાને મોકલવી એટલે જાણે મૂંગા ઢોરને પાંજરાપોળ મોકલવું.

(142) નીચેનામાંથી કઈ સાહિત્ય કૃતિને 'ભારતીય જ્ઞાનપીઠ' પુરસ્કાર મળેલ નથી ?

(A) ધ્વનિ (B) માનવીની ભવાઈ (C) મળેલા જીવ (D) અમૃતા

(143) નીચે આપેલા વિકલ્પોમાંથી બધી જ જોડણી ખોટી હોય તેવો વિકલ્પ પસંદ કરો.

(A) સાંસ્કૃતિક, ટિફિન, રિસેસ, નીતિ (B) સાંસ્કૃતિક, ટીફીન, રિસેસ, નિતિ

(C) સાંસ્કૃતીક, ટીફિન, રિશેષ, નીતિ (D) સાંસ્કૃતીક, ટીફિન, રિસેશ, નિતિ

(144) નીચે આપેલા જોડકાંમાંથી છંદ અને તેના બંધારણ માટે કયા જોડકાં યોગ્ય છે ?

| છંદ | બંધારણ |
|---|---|
| 1. શિખરણી | - યમનસભલગા |
| 2. મંદાક્રાન્તા | - મભનતતગાગા |
| 3. પૃથ્વી | - જસજસનલગા |
| 4. વસંતતિલકા | - તભજજનલગા |

(A) માત્ર 1 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 2 અને 4



Teachingninja.in

(145) જોડણીભેદથી અર્થભેદ થતો હોય તેવો વિકલ્પ પસંદ કરો.

(A) ગુણ - ગૂણ (B) કિંમત - કીંમત (C) રાષ્ટ્રિય - રાષ્ટ્રીય (D) વિનંતી - વિનંતિ

(146) 'વાઈરલ ઈન્ફેક્શન' પાઠમાં ગંદકીથી ભારે ખલેલ પામનાર ભારતના સૌપ્રથમ સાધુ કયા છે ?

(A) ગાંધીજી (B) રાજારામ મોહનરાય (C) સ્વામી દયાનંદ સરસ્વતી (D) સ્વામી વિવેકાનંદ

(147) 'કાળુને રાજુની ગાળો ગોળથીય મીઠી લાગતી હતી' - વાક્યમાં કયો અલંકાર વપરાયો છે ?

(A) સજીવારોપણ (B) ઉત્પ્રેક્ષા (C) વ્યતિરેક (D) યમક

(148) વિનોબા ભાવેએ કયા ગ્રંથનો મરાઠી ભાષામાં અનુવાદ કર્યો હતો ?

(A) રામાયણ (B) મહાભારત (C) ભગવદ્ગીતા (D) ઉપનિષદ

(149) મને ઓળખો : 'હું દર્શકના નાટકોમાંનું એક નાટક નથી.'

(A) પરિત્રાણ (B) બંધન અને મુક્તિ (C) ગૃહારણ્ય (D) અંતિમ અધ્યાય

(150) નીચે પૈકી કર્મણિ રચના કઈ છે ?

(A) હવે તેણે સિગારેટની સંખ્યા ઘટાડી છે. (B) સરકાર તરફથી મહેસૂલ વધારો લાગુ પડાયો.
(C) નદી મને તાણી જાય છે. (D) પત્નીથી કશું બોલાયું નહિ.

(151) વિનોબા ભાવેના નામથી વિખ્યાત સર્જકનું મૂળ નામ શું છે ?

(A) વિજય નરહરિ ભાવે (B) વિનોદ નરહરિ ભાવે
(C) વિનાયક નરસિંહ ભાવે (D) વિનાયક નરહરિ ભાવે

(152) 'મારાથી કણસાય છે' - વાક્યની રચનાનો પ્રકાર કયો છે ?

(A) કર્તરિ (B) કર્મણિ (C) પ્રેરક (D) ભાવે

(153) 'હાઈકુ' કાવ્ય પ્રકારનું બંધારણ જણાવો.

(A) 4 + 4 + 4 + 2 = 14 અક્ષર (B) 5 + 7 + 5 = 17 અક્ષર
(C) 4 + 5 + 3 = 12 અક્ષર (D) 5 + 3 + 5 = 13 અક્ષર

(154) 'અજાણ્યું સ્ટેશન' વાર્તા - સંગ્રહના રચયિતા ........... છે.

(A) અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ (B) પન્નાલાલ પટેલ (C) સુરેશ જોષી (D) મોહનલાલ પટેલ

(155) રાજેન્દ્ર શાહને કયા કાવ્યસંગ્રહ માટે 'જ્ઞાનપીઠ' એવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા ?

(A) આંદોલન (B) શાંત કોલાહલ (C) ધ્વનિ (D) વિષાદનો સાદ

(156) કવિશ્રી કલાપી રચિત 'શિકારીને' કાવ્યકૃતિ કયા છંદમાં રચાયેલી છે.

(A) મનહર (B) શિખરિણી (C) મંદાક્રાન્તા (D) અનુષ્ટુપ

(157) નીચેનામાંથી કઈ જોડ જુદી પડે છે ?

(A) સંક્ષિપ્ત - વિસ્તૃત (B) ભુજંગ - અહિ (C) તત્સમ્ - તદ્ભવ (D) ઉન્નતિ - અવનતિ

(158) નીચે આપેલ શબ્દમાં કઈ સાચી જોડણી નથી ?

(A) સ્ફૂર્તિ (B) ચાતુર્માસ (C) પરિસ્થિતિ (D) ક્ષીતિજ



Teachingninja.in

(159) નીચેનામાંથી કઈ જોડ જુદી પડે છે ?

(A) જળ - સલિલ - પાણી
(B) હય - તોખાર - અશ્વ
(C) લોચન - અક્ષી - ચક્ષુ
(D) રવિ - સોમ - ભાનુ

(160) 'રેસનો ઘોડો' નવલિકામાં ઉત્તીર્ણ થવાની ખુસીમાં નીનાબહેને અંકિતને ભેટમાં શું આપ્યું ?

(A) પુસ્તકો (B) રમકડાં (C) વીડિયો ગેમ (D) ક્રિકેટનાં સાધનો

(161) 'નરસિંહ' શબ્દનો સમાસ જણાવો.

(A) તત્પુરુષ (B) બહુવ્રીહિ (C) કર્મધારય (D) ઉપપદ

(162) ''પાને પાને પોઢી રાત, તળાવ જંપ્યું કહેતાં વાત'' - પંક્તિનો છંદ જણાવો.

(A) દોહરો (B) ચોપાઈ (C) અનુષ્ટુપ (D) મનહર

(163) 'ગતિભંગ' લઘુકથામાં ધૂળમાં પડેલી પગલી જોઈને ડુંગરની પત્નીને કોણ યાદ આવ્યું ?

(A) ડુંગરની (B) માતાની (C) મૃત દીકરીની (D) વિદેશી દીકરાની

(164) ''પાંચમે લઘુતા તોળો, ગુરુ છઠ્ઠો લખ્યો; બીજે ચોથે પદે બોલો શ્લોકમાં લઘુ **સાતમો**'' - સૂત્ર કયા છંદનું છે ?

(A) ચોપાઈ (B) મનહર (C) અનુષ્ટુપ (D) દોહરો

(165) નીચે પૈકી વિકલ્પોમાં કયું ઉપપદ સમાસનું ઉદાહરણ નથી ?

(A) દીવાસળી (B) પંકજ (C) પાણીકળો (D) વરદાત્રી

(166) 'પંગુમ્ લંઘયતે ગિરિમ્' પાઠમાં અરૂણિમાએ એવરેસ્ટ કઈ રીતે સર કર્યું ?

(A) લાકડીના ટેકે આગળ વધીને
(B) શેરપાના માર્ગદર્શનથી
(C) મજબૂત મનોબળ, હિંમત અને સખત પરિશ્રમથી
(D) કૃત્રિમ પર વગર

(167) નીચે આપેલ શબ્દમાંથી સાચી જોડણીનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) મૂહૂર્ત (B) મુહૂર્ત (C) મુર્હુત (D) મૂર્હુત

(168) 'છાલ, છોતરાં અને ગોટલા' પાઠમાં લેખકે અમેરિકામાં ખેલાડીઓને ઓલિમ્પિકમાં કઈ રમત રાખવાનું સૂચવે છે ?

(A) ટામેટાં ફેંકવાની (B) પથ્થર ફેંકવાની (C) જૂતાં ફેંકવાની (D) કેળાંની છાલ ફેંકવાની

(169) નીચેનામાંથી કઈ જોડ સંગત છે ?

(A) સુધા - રવિ - વ્યોમ
(B) હેમ - તરુ - શીતળ
(C) ઉદધિ - રત્નાકર - જલધિ
(D) અરિ - ભાઈબંધ - વીરો

(170) નીચેના વિધાનો પૈકી કયા વિધાનમાં અભિગમવાચી ક્રિયાવિશેષણનો ઉલ્લેખ થયેલો નથી ?

(A) અમારી આટલી માગણી **ખચીત** સ્વીકારશો.
(B) ભીખલાને હીરો (શીરો) બૌ (બહુ) ભવે.
(C) એ લોકો **કદાચ** રસ્તો ભૂલી ગયા હશે.
(D) છત્રી ઉપર નામ - સરનામું લખવાનો ઉપાય **ખરેખર** કારગત નીવડ્યો.



Teachingninja.in

(171) સૂચિ - I સાથે સૂચિ - II જોડો.

| **સૂચિ - I** | **સૂચિ - II** |
|---|---|
| 1. સુન્દરમ્ | (i) સાવિત્રી પ્રશસ્તિ |
| 2. લાભશંકર ઠાકર | (ii) સંગતિ |
| 3. મકરંદ દવે | (iii) લથરો |
| 4. પૂજાલાલ | (iv) કાવ્યમંગલા |

(A) 1 - ii, 2 - i, 3 - iv, 4 - iii
(B) 1 - iv, 2 - ii, 3 - i, 4 - iii
(C) 1 - iv, 2 - iii, 3 - ii, 4 - i
(D) 1 - iii, 2 - iv, 3 - i, 4 - ii

(172) સૂચિ - I સાથે સૂચિ - II જોડો.

| **સૂચિ - I** | **સૂચિ - II** |
|---|---|
| 1. રાજેન્દ્ર શાહ | (i) તૃણ્ડિલ તૃણ્ડિકા |
| 2. અશોક ચાવડા | (ii) મૌન |
| 3. વિનોદ જોષી | (iii) ડાળખીથી સાવ છૂટા |
| 4. હરીન્દ્ર દવે | (iv) મધ્યમા |

(A) 1 - iii, 2 - i, 3 - iv, 4 - ii
(B) 1 - iv, 2 - iii, 3 - i, 4 - ii
(C) 1 - iv, 2 - i, 3 - ii, 4 - iii
(D) 1 - ii, 2 - iv, 3 - i, 4 - iii

(173) નીચે આપેલી વિરોધી કહેવતની યોગ્ય જોડ બનાવો.

| | |
|---|---|
| 1. મોટા એટલા ખોટાં | (i) વધુડાહ્યો વધુ ખરડાય. |
| 2. બોલે એનાં બોર વેચાય | (ii) પારકી આશા સદા નિરાશા |
| 3. ચેતતો નર સદા સુખી | (iii) ઘરડાં ગાડાં વાળે |
| 4. જાત મહેનત ઝીંદાબાદ | (iv) ન બોલ્યામાં નવ ગુણ |

(A) 1 - ii, 2 - iv, 3 - i, 4 - iii
(B) 1 - iii, 2 - i, 3 - ii, 4 - iv
(C) 1 - ii, 2 - iii, 3 - iv, 4 - i
(D) 1 - iii, 2 - iv, 3 - i, 4 - ii

(174) સૂચિ - I સાથે સૂચિ - II જોડો.

| **સૂચિ - I** | **સૂચિ - II** |
|---|---|
| 1. ચંદ્રકાન્ત પંડ્યા | (i) સત્યના પ્રયોગો |
| 2. ગુણવંત શાહ | (ii) બાનો ભીખુ |
| 3. ગાંધીજી | (iii) મારી જીવનકથા |
| 4. જવાહરલાલ નહેરુ | (iv) જાત ભણીની જાત્રા |

(A) 1 - iv, 2 - iii, 3 - i, 4 - ii
(B) 1 - ii, 2 - i, 3 - iv, 4 - iii
(C) 1 - iii, 2 - i, 3 - ii, 4 - iv
(D) 1 - ii, 2 - iv, 3 - i, 4 - iii



Teachingninja.in

(175) સૂચિ - I સાથે સૂચિ - II જોડો.

| **સૂચિ - I** | **સૂચિ - II** |
|---|---|
| 1. સુરેશ જોષી | (i) આકસ્મિક સ્પર્શ |
| 2. રઘુવીર ચૌધરી | (ii) વૃત્તિ અને વાર્તા |
| 3. વર્ષા અડાલજા | (iii) ગૃહપ્રવેશ |
| 4. રાવજી પટેલ | (iv) સાંજને ઉંબરે |

(A) 1 - iv, 2 - iii, 3 - ii, 4 - i
(B) 1 - ii, 2 - iii, 3 - iv, 4 - i
(C) 1 - iii, 2 - i, 3 - iv, 4 - ii
(D) 1 - iii, 2 - iv, 3 - ii, 4 - i

(176) વર્ગશિક્ષણ કરતી વખતે અનુસરવામાં આવતાં સોપાનો ક્રમમાં ગોઠવો.

1. વિષયવસ્તુનું વિશ્લેષણ
2. આદર્શ વાંચન
3. મૂલ્યાંકન
4. સ્વાધ્યાય
5. વિષય પ્રવેશ - પ્રસ્તાવના

(A) 2, 3, 5, 1, 4
(B) 5, 2, 1, 3, 4
(C) 3, 4, 2, 5, 1
(D) 5, 2, 3, 4, 1

(177) નીચે આપેલા સૂક્ષ્મ અધ્યાપનનાં સોપાનોને યોગ્યક્રમમાં ગોઠવો.

1. પુનઃ શિક્ષણનો તબક્કો
2. પુનઃ આયોજનનો તબક્કો
3. શિક્ષણનો તબક્કો
4. પુનઃ પ્રતિપોષણનો તબક્કો
5. પ્રતિપોષણનો તબક્કો

(A) 3, 5, 2, 1, 4
(B) 3, 2, 5, 4, 1
(C) 2, 4, 3, 1, 5
(D) 5, 4, 2, 1, 3

(178) ભાષામાં કેટલાક એવા ઘટકો પણ હોય છે કે જે સંજ્ઞા, વિશેષણ કે ક્રિયારૂપની સાથે આવીને ભાર, આગ્રહ, વિનંતી, સીમામર્યાદા વગેરે જેવા અર્થોનો ઉમેરો કરે છે. ભાષાના આવા ઘટકોને શું કહેવામાં આવે છે ?

(A) સંયોજક
(B) જકંચર
(C) નિપાત
(D) કૃદંત

(179) નીચે પૈકીના કયા કૌશલ્યો ભાષામાં અભિવ્યક્તિલક્ષી છે ?

(A) કથન - લેખન
(B) વાચન - લેખન
(C) શ્રવણ - વાચન
(D) કથન - વાચન

(180) અમૂર્ત પરથી મૂર્તને અને સામાન્યથી વિશિષ્ટને સમજવાની પ્રક્રિયા થાય છે. ત્યારે કઈ પદ્ધતિનો ઉપયોગ થયો એમ કહેવાય.

(A) અનુબંધ
(B) આગમન
(C) આગમન - નિગમન
(D) નિગમન



Teachingninja.in

(181) ગીત અભિનય પદ્ધતિની અસરકારકતા વધારવા .............. જરૂરી છે.

(A) કાવ્ય કંઠસ્થ હોવું (B) કાવ્યનું પઠન કરવું (C) કાવ્યનો અર્થબોધ (D) હાવભાવ

(182) 'વિશ્વ માતૃભાષા દિન' ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) 21 ફેબ્રુઆરી (B) 21 જાન્યુઆરી (C) 21 માર્ચ (D) 21 એપ્રિલ

(183) "વ્યાખ્યાનો જ પાઠ્યપુસ્તકો બનવાં જોઈએ, પાઠ્યપુસ્તકોનાં વ્યાખ્યાનો નહિ" - આ વિધાન કોનું છે ?

(A) આનંદશંકર ધ્રુવ (B) ગાંધીજી (C) કાકાસાહેબ કાલેલકર (D) ઉમાશંકર જોષી

(184) નીચેનામાંથી કઈ પદ્ધતિ ગદ્ય શિક્ષણની પદ્ધતિ નથી ?

(A) કથન પદ્ધતિ (B) પ્રશ્ન પદ્ધતિ (C) અર્થબોધ (D) નાટ્યીકરણ પદ્ધતિ

(185) શિક્ષણ વર્ગખંડમાં વિદ્યાર્થીઓને માન્ય ઉચ્ચારણ, આરોહ-અવરોહ, યોગ્ય ઝડપ સાથે અર્થવાહી તેમજ ભાવવાહી વાંચન કરે છે તે વાંચનનો કયો પ્રકાર છે ?

(A) મુખવાંચન (B) મૂકવાંચન (C) આદર્શવાંચન (D) સમૂહવાંચન

(186) ભાષાના મુખ્ય ચાર કૌશલ્યનો યોગ્ય ક્રમ જણાવો.

(A) શ્રવણ, વાંચન, લેખન, કથન (B) શ્રવણ, કથન, લેખન, વાંચન

(C) શ્રવણ, વાંચન, કથન, લેખન (D) શ્રવણ, કથન, વાંચન, લેખન

(187) કઈ પદ્ધતિ પ્રકૃતિ કાવ્યો, ભક્તિ કાવ્યો, નીતિ કાવ્યોના શિક્ષણ માટે ઉપયોગી છે ?

(A) અર્થબોધ પદ્ધતિ (B) તુલના પદ્ધતિ (C) ગીત - અભિનય પદ્ધતિ (D) નાટ્યીકરણ પદ્ધતિ

(188) બેન્જામીન બ્લૂમએ જ્ઞાનાત્મક ક્ષેત્રના હેતુઓને કેટલા વિભાગમાં વહેંચ્યા છે ?

(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ

(189) વિકાસાત્મક આવર્તન ........... છે.

(A) પાઠ્યક્રમનો વિકાસ (B) અભ્યાસક્રમનો વિકાસ (C) હેતુઓનો વિકાસ (D) પ્રવૃત્તિઓનો વિકાસ

(190) પદ્યશિક્ષણ માટે નીચેનામાંથી કઈ પદ્ધતિ ઉત્તમ છે ?

(A) ગીત - અભિનય પદ્ધતિ (B) વ્યાખ્યાન પદ્ધતિ

(C) સ્વાધ્યાય પદ્ધતિ (D) રસાસ્વાદ પદ્ધતિ

(191) પ્રશ્ન પદ્ધતિથી શિક્ષણની પ્રક્રિયા કેવી બને છે ?

(A) સ્થૂળ (B) માહિતીપ્રદ (C) દ્વિમાર્ગી (D) એકમાર્ગી

(192) શિક્ષક વર્ગમાં 'ગતિભંગ' પાઠની ચર્ચા કરે છે તો વિદ્યાર્થીઓનું કયું કૌશલ્ય વિકસિત થશે ?

(A) લેખન (B) શ્રવણ (C) કથન (D) વાંચન

(193) નીચે પૈકી કયો નિબંધસંગ્રહ બકુલ ત્રિપાઠીનો હાસ્ય નિબંધસંગ્રહ છે ?

(A) વૈકુંઠ નથી જાવું (B) અષાઢની સાંજ (C) ગોવિંદે માંડી ગોઠડી (D) મન સાથે મૈત્રી

(194) લિંગ કે વચન અનુસાર જે સંજ્ઞાનું રૂપ બદલાય તે ............. સંજ્ઞા કહેવાય.

(A) ભાવવાચક (B) દ્રવ્યવાચક (C) અવિકારી (D) વિકારી



Teachingninja.in

(195) સૂચિ - I સાથે સૂચિ - II જોડો.

| **સૂચિ - I** | **સૂચિ - II** |
|---|---|
| 1. બેફામ | (i) પગરવ તળાવમાં |
| 2. બેદિલ | (ii) મહેક |
| 3. ઘાયલ | (iii) પ્યાસ |
| 4. ગની દહીંવાલા | (iv) અગ્નિ |

(A) 1 - ii, 2 - iii, 3 - iv, 4 - i (B) 1 - iii, 2 - i, 3 - iv, 4 - ii
(C) 1 - iv, 2 - iii, 3 - ii, 4 - i (D) 1 - iii, 2 - iv, 3 - i, 4 - ii

(196) મુક્તક સાહિત્યના પ્રકારના લક્ષણો કેટલા ?
(A) પાંચ (B) સાત (C) ત્રણ (D) નવ

(197) 'સમુદ્રમાં સળગતો અગ્નિ' શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.
(A) દાવાગ્નિ (B) વડવાગ્નિ (C) જઠરાગ્નિ (D) જળાગ્નિ

(198) 'વણલોભી' શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? યોગ્ય જવાબ પસંદ કરો.
(A) પૂર્વ (B) પર (C) પૂર્વ અને પર (D) એક પણ નહિ

(199) 'શ્રવણ' શબ્દના ધ્વનિઘટકો (સ્વર-વ્યંજન) છૂટા પાડો.
(A) સ + ર્ + અ + વ્ + અ + ણ્ + અ (B) શ્ + ર્ + અ + વ્ + અ + ણ્ + અ
(C) શ્ + વ્ + અ + ણ્ + અ (D) સ્ + અ + ર્ + વ્ + અ + ણ્ + અ

(200) 'વાચન એ તર્કની પ્રક્રિયા છે.' - આ વ્યાખ્યા આપનાર કોણ ?
(A) થોર્નડાઈક (B) રોબિન્સન (C) રુથ સ્ટ્રેગ (D) ગુડમેન

◆◆◆



Teachingninja.in

રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુક્યા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.



Teachingninja.in